**<u>ગુડા ધ્વારા મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત 'અટલ આવાસ યોજના' અડાલજ, ટી.પી. સ્કીમ -૧૦ ખાતે ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટેના ૫૦૪ LIG-2 આવાસોનું ખાતમૂહુર્ત તા. ૨૧/૦૩/૨૦૧૬ ના રોજ માન. અધ્યક્ષશ્રી, ના હસ્તે કરવામાં આવેલ.</u>**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની ટાઉન પ્લાનીંગ સ્કીમનં.૧૦ (અડાલજ) ના અંતિમખંડનં.૧૩૩ ખાતે "અટલ આવાસ યોજના" હેઠળ ગુડા ધ્વારા ૫૦૪ LIG - ૨ પ્રકારના મકાનોનું તા. ૨૧/૦૩/૨૦૧૬ ના રોજ ગુડાના માન. અધ્યક્ષશ્રી, આશિષકુમાર દવેના હસ્તે ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું.

"અટલ આવાસ યોજના" હેઠળ ગુડા ધ્વારા ૫૦૪ LIG - ૨ પ્રકારના મકાનોનું રૂ.૪૯૯૯/- લાખના ખર્ચે બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ભોંયતળીયામાં પ્રક્રિયા તથા તેની ઉપર ૭ માળના ૫૬ યુનીટ ધરાવતા કુલ ૯ ટાવર બનાવવામાં આવનાર છે, જેમાં મકાનના યુનીટના બાંધકામમાં ડ્રોઈંગ રૂમ, બેડ રૂમ, સ્ટડી રૂમ, રસોડું, બાથરૂમ તથા WC નો સમાવેશ કરવામાં આવેલ છે.

સદરહું દરેક યુનીટના બાંધકામનો બિલ્ટઅપ એરીયા ૫૨.૮૦ ચો.મી. છે અને કાર્પેટ એરીયા ૪૫.૦૦ ચો.મી. છે. સદરહું આવાસની હાલના પ્રાથમિક તબક્કે અંદાજીત કિંમત રૂ.૧૧,૦૦,૦૦૦/- છે. આ યોજનામાં આધુનિક લીફ્ટ, ભુંકપ પ્રતિ રોધક આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર ડીઝાઈન, ફાયર સેફ્ટીની વ્યવસ્થા, ભુગર્ભ જળ સંચયની વ્યવસ્થા, મલ્ટી પરપઝ હોલ, લાયબ્રેરી રૂમ, સુંદર પ્રવેશ ધ્વાર, લેન્ડ સ્કેપીંગ, બાળકો માટે રમત-ગમતનો વિસ્તાર વગેરે સુવિધાઓ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.